1. મગધના ઉત્કર્ષમાં મહાપાનંદ અને તેમના પુત્રનું પ્રદાન શાથી સવિશેષ મહત્ત્વ ધરાવે છે?

- શિશુનાગવંશના છેલ્લા રાજાનું ખૂન કરી મહાપદ્મનંદ મગધની ગાદીએ આવ્યો હતો. તેણે કલિંગ પર વિજય મેળવીને મગધના સામ્રાજયનો વિસ્તાર વધાર્યો હતો. તેણે સમકાલીન ઈવાકુ, કુરુ, પાંચાલ, કાશી, શૂરસેન, મિથિલા, કલિંગ, અશ્મક, હૈહય વગેરે સત્તાઓ પર વિજય મેળવી ક્ષત્રિય રાજયોનો નાશ કર્યો હતો. તેણે કુલ 28 વર્ષ શાસન કર્યું હતું. ત્યારબાદ તેના 8 પુત્રોએ મગધમાં 12 વર્ષ રાજય કર્યું. આથી મગધના ઉત્કર્ષમાં મહાપાનંદ અને તેના પુત્રોનું પ્રદાન સવિશેષ મહત્ત્વ ધરાવે છે.

2. સિકંદર ભારતની વાયવ્ય સરહદે રાજયવિસ્તાર કરવામાં શાથી સફળ રહ્યો ?

- ઈ. સ. પુર્વે 327માં નાસિયા પહોંચ્યા પછી સિકંદરે તક્ષશિલાના રાજા અને સિંધુની પશ્ચિમે આવેલા બીજા રાજાઓને પોતાને મળી જવા આમંત્રણ આપ્યું. તક્ષશિલાના રાજાએ તો આ અગાઉ સિકંદર જયારે બુખારામાં હતો ત્યારે જ પોતાના પુત્ર અભિકુમારને મોકલીને જો સિકંદર ભારત પર ચઢાઈ કરે, તો મદદ આપવાનું વચન આપ્યું હતું. સરહદના બીજા શશીગુપ્ત નામના એક રાજાએ પણ સિકંદરને મદદ કરી હતી. આ બંને દેશદ્રોહી રાજાઓને કારણે સિકંદર ભારતની વાયવ્ય સરહદે - રાજયવિસ્તાર કરવામાં સફળ રહ્યો .

3. સિકંદરના આક્રમણ સમયે ‘ઘર ફૂટે ઘર જાય’ જેવી સ્થિતિ શાથી પ્રવર્તતી હતી ?

- સિકંદરના આક્રમણ સમયે સમકાલીન રાજાઓ પરસ્પર વેરઝેર અને ઈર્ષાની આગમાં જલતા હતા.. તક્ષશિલાના રાજાએ પોતાના પુત્ર અભિ કુમારને મોકલીને સિકંદરને ભારત પર ચઢાઈ કરવા પ્રોત્સાહન આપ્યું હતું. સિકંદરના લશ્કરના એક ભાગે અભિ કુમારના માર્ગદર્શન હેઠળ કાબુલ નદીને માર્ગે પેશાવર તરફ કૂચ કરી હતી. સરહદના બીજા એક રાજા શશીગુપ્ત સિકંદરને મદદ કરી હતી. જો ઉત્તર ભારતનાં જુદાં જુદાં રાજયો અને ગણરાજયોએ એકતા સાધીને રાષ્ટ્રીય મોરચો રચ્યો હોત, તો સિકંદરને પરાજય મેળવીને પરત ફરવું પડ્યું હોત. આમ, સિકંદરના આ કમણ સમયે ભારતનાં રાજયો વચ્ચે પરસ્પર ‘ઘર ફૂટે ધરૂ જાય’ જેવી સ્થિતિ પ્રવર્તતી હતી.

4. ઉત્તર ભારતનાં ગણરાજયોની શી વિશેષતા હતી?

- ઉત્તર ભારતનાં ગણરાજયોની વિશેષતા તેમની પોતાની ‘સભા’ હતી, જેમાં વહીવટ, સંરક્ષણ, યુદ્ધ, સંધિ જેવા ઘણા મહત્ત્વના પ્રશ્નો પર વિચારવિમર્શ થતો અને નિર્ણયો લેવામાં આવતા હતા. આ સભામાં જ પ્રતિનિધિઓ પોતાના ગણરાજયના પ્રમુખ પસંદ કરતા.

5. બુદ્ધ કાલીન પ્રજાસત્તાક રાજ્યો કયાં કયાં હતા?

- બુદ્ધકાલીન પ્રજાસત્તાક રાજયો આ પ્રમાણે હતાં : (1) કપિલવસ્તુના શક્યો , (2) સુમસુમાર ગિરિના મગ્ન , (3) અલ્લ કમ્પના બુલી, (4) કેસપુત્તના કાલામ, (5) રામગ્રામના કોલિય, (6) કુશીનારાના મલ્લ, (7) પાવાના મલ્લ , (8) પીપલીવનના મોરિય, (9) વૈશાલીના લિચ્છવી અને (10) મિથિલાના વિદેહ.

  આ ગણતંત્રી રાજયોમાં 8 રાજયો વર્જિ સંધ સાથે અને 2 રાજયો ’મલ્લ’ સંધ સાથે જોડાયેલાં હતાં.

6. બિંબિસારે કયા રાજદ્વારી લગ્નસંબંધો બાંધ્યા હતા?

- બિબિસારે કોશલ રાજા પ્રસેનજિતની બહેન કોશલદેવી સાથે, વૈશાલી ગણરાજ્યના લિચ્છવીઓના પ્રમુખ ચેતકની પુત્રી ચેલ્લના સાથે, વિદેહની રાજ કુમારી વાસવી સાથે અને પંજાબના શાસકની કુંવરી ક્ષેમા સાથે લગ્ન કરી આ રાજયો સાથે રાજદ્વારી સંબંધો બાંધ્યા હતા.